આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ વૃષભ

આજના ગ્રહોની કુંડળી



આજે ચાંડાલ યોગ છે. બપોરે અઢી કલાકે ચંદ્ર મીથુન રાશિમાં આવશે. સ્વ. ચીમનભાઈ પટેલ, માજી. મુખ્યમંત્રીશ્રીની પૂણ્યતિથિ આજે છે.

મેષ મંગળની દ્રષ્ટિને કારણે વિનાકારણ ગુસ્સે થઈ જશો - વળી ચંદ્ર પર શનિ - મંગળની દ્રષ્ટિ આવેશમય આચાર - વિચારો લાવે તેથી દિવસ મિશ્ર પરિણામો વાળો જાય.

વૃષભ ઉચ્ચનો ચંદ્ર રાશિમાંથી બપોરે બદલાઈ જાય છે તેથી ઉચ્ચના ચંદ્રનું સારું પરિણામ બપોર પછી મળવાનું બંધ થઈ જાય છે. ચોથે ગુરુને દસમે સૂર્ય દિવસ સારો જશે તેમ સૂચવે છે.

મિથુન બપોર પછી ચંદ્ર તમારી રાશિમાં આવે છે જેને લઈને તમારો બપોર પછીનો સમય સારો જશે. આનંદમાં દિવસ પસાર થશે. સારા સમાચાર મળે - વ્યવસાયમાં લાભ થાય - સંતાન સુખ સારું.

કર્ક સાતમે બુધ - શુક્રને કારણે તમો ખૂબ જ આનંદમાં દિવસ પસાર કરશો - તમારું ભાવિ ઉજળું છે. ધંધાકીય તેમજ રાજકીય રીતે તમારી ખૂબ જ પ્રગતિ થશે એવા એંધાણ વર્તાય છે.

સિંહ રાશિમાં ગુરુને રાશિપતિ સૂર્યની દ્રષ્ટિથી તમો ખૂબ જ પ્રભાવશાળી અને પ્રતાપી વ્યક્તિત્વવાળા દેખાશો - તમારી નેતાની પ્રતિભા આ સમયમાં પૂરજોશમાં ખીલી ઉઠશે - ફાયદો થશે.

કન્યા રાશિપતિ બુધ - શુક્ર સાથે હોઈ તમો બીનજરૂરી ખર્ચાઓ કરશો. બારમે રાહુ શેરસટ્ટામાં પૈસા ગુમામડાવે. જે કાંઈ કરો તે લાંબો વિચાર કરીને કરશો. ધ્યાન રાખશો તો હિતાવહ છે.

તુલા રાશિમાં મંગળ છે જેની દ્રષ્ટિ ચોથે શુક્ર પર પડે છે તેથી ખાસ સંયમ રાખીને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે પ્રવૃત્ત રહેશો તો ખોટા ખર્ચાના ખાડામાં ઉતરતા બચી જશો.

વૃશ્ચિક રાશિમાં શનિ - સાડાસાતી પનોતી છે પરંતુ બારમે રાશિપતિ મંગળ છઠ્ઠે શત્રુ સ્થાન પર દ્રષ્ટિ કરે છે તેથી નુકસાન ઓછું થશે - શનિદેવ - હનુમાનજીની ભક્તિ કરશો તો ફાવશો.

ધન શનિની શરૂ થયેલ પનોતીના કારણે ન જોઈતા ઘણા ખર્ચાઓ થઈ ગયા છે - હજુ આ યોગ ચાલે છે - બીજા ખર્ચાઓ હજુ થશે - સાચવશો તો ફાવશો.

મકર રાશિમાં બુધ શુક્રની યુતિના કારણે તમારો દિવસ આનંદમાં પસાર થશે. આર્થિક લાભ મળશે. છઠ્ઠા ચંદ્ર બપોર પછી આવશે જો તમોને શેર - સટ્ટામાં લાભ અપાવશે - સાચવીને ચાલશો.

કુંભ રાશિમમાં સૂર્ય સાતમાનો માલિક થઈને પૂર્ણ દ્રષ્ટિથી નિહાળે છે. લોકભાગીદારને લોકપ્રિયતાનું આ સ્થાન પ્રબળ બને છે. પ્રસિદ્ધિ મેળવશો - દિવસ આનંદમાં જાય.

મીન છઠ્ઠા રાહુ - આઠમે મંગળ તમોને તમારી તંદુરસ્તી માટે ચેતવે છે - ધ્યાન રાખીને પહેલું સુખ તે જાતે નર્યા એ સૂત્ર યાદ રાખીને તંદુરસ્તી સચવાય તે રીતે દિવસ પસાર કરશો.

વિશ્વકર્મા જયંતિ નિમિત્તે મહેસાણામાં શ્રમયોગી સંમેલન યોજાશે

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬ને શનિવારના બપોરે ૨.૦૦ કલાકે વિશ્વકર્મા જયંતિ શ્રમયોગી સંમેલન યોજાનાર છે. આ સંમેલનમાં પાંચ હજાર શ્રમયોગીઓ ભાગ લેનાર છે. આ સંમેલનમાં રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લાના સહપ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર તેમજ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના ચેરમેન સુનીલભાઈ સીંધી ઉપસ્થિત રહેનાર છે.

આ શ્રમયોગી કાર્યક્રમની પુર્વ તૈયારી માટે જિલ્લા કલેક્ટર લોચન સેહરાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક વી.જે. રાજપૂત, અધિક કલેક્ટર રમેશ મેરજા, પ્રાન્ત અધિકારી અરૂણ મહેશબાબુ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમયોગી સંમેલન રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને મહેસાણા ખાતે યોજાનાર છે. જેમાં પાંચ હજારથી વધુ અસંગઠીત શ્રમકામદારો ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના ચેક, સહાય અર્પણ કરાશે. આ ઉપરાંત યુ.વીન કાર્ડ પણ સ્ટેજ પરથી આપવામાં આવશે. આ ઉપરાંત ૬ એવોર્ડ અને પારિતોષિક આપવામાં આવશે.

દાંતા ખાતેથી ભાજપ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન યાત્રાનો પ્રારંભ

ગુજરાતમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા હાથ ધરાયેલા વ્યસનમુક્તિ અભિયાનના પગલે ભારતીય જનતા પાર્ટી પણ વ્યસનમુક્તિ બાબતે અભિયાન છેડ્યું છે. જેને લઈ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વ્યસનમુક્ત અભિયાન યાત્રાની રેલીનું આયોજન અંબાજી ખાતેથી પ્રારંભ કરાયું છે. આજે બપોરના સુમારે અંબાજી ભાજપ શહેર અને દાંતા તાલુકા ભાજપ સંગઠન દ્વારા સર્કિટહાઉસથી રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જે અંબાજી શહેરની નગરયાત્રાના અંતે ઉપસ્થિત તમામ રેલીમાં જોડાયેલા લોકોને વ્યસનમુક્ત બનવા અંગેનો સંકલ્પ લેવડાવ્યો હતો. આ રેલીમાં દાંતા તાલુકા ભાજપ પ્રમુખ ગેલબાજી ઠાકોર, પ્રભારી સુમતીભાઈ, અંબાજી જાગૃત નાગરિક સેના તેમજ પોલીસ સ્ટાફ સાથે ગાયત્રી પરિવાર, બ્રહ્માકુમારી, ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ તેમજ સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

જેલમાં હાર્દિકની તબિયત બગડી

સુરત,તા. ૧૬

સુરતની લાજપોર જેલમાં રહેલા હાર્દિક પટેલની તબિયત ખરાબ થઈ હોવાના અહેવાલ મળ્યા છે. તબિયત બગડી જવાના કારણે હાર્દિકને કામરેજ હાઈવે બ્લોક કરવા સાથે સંબંધિત કેસમાં કઠોર કોર્ટમાં આજે ઉપસ્થિત કરી શકાયો ન હતો. પાટીદાર સમુદાય માટે આંદોલન કરીને ચર્ચામાં આવેલા આક્રમક નેતા હાર્દિકની તબિયત હાલ સારી નથી. પ્રાપ્ત માહિતી, અનુસાર હાર્દિકની તબિયત નાદુરસ્ત હોવાનું સુરત જેલ સત્તાધીશોને જણાવ્યું છે. તેને ડાયેરિયા હોવાનું જેલ જાણવા મળ્યું છે. જોકે, જેલના તબીબોએ તપાસ કરતાં તેની તબિયત નોર્મલ હોવાનું જણાવ્યું છે.

થરાદમાં આખરે દુષ્કૃત્ય કરનારા આચાર્ય સહિત શિક્ષક સસ્પેન્ડ

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠાના થરાદ તાલુકાના ગલસીસર ગામે બે દિવસ અગાઉ આચાર્ય વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આચાર્યસહિત મદદ કરનાર શિક્ષકને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શાળાની જ શિક્ષિકા પર દુષ્કર્મ કરાયુ હોવાની ફરિયાદ નોંધાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બનાસકાંઠાના થરાદ તાલુકાના ગલસીસરા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય કાનજીભાઈ વેણ વિરૂદ્ધ શાળાની જ શિક્ષિકા (ફાલ્ગુનીબેન) પર બે દિવસ અગાઉ દુષ્કર્મ આચરવાની ફરિયાદ નોંધાઈ હતી. જેને પગલે આજરોજ જિલ્લા શિક્ષણા અધિકારી ડૉ. દિપક દરજી દ્વારા આચાર્ય કાનજીભાઈ વેણ તેમજ મદદ કરનાર શિક્ષક પીરાણાભાઈ નાઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

અંબાજી મંદિરના સુવર્ણમય શિખરની કામગીરી ૭૦ ટકા પૂર્ણ

ભારત ભરનું સુપ્રસિદ્ધ શક્તિપીઠ એવા યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી પુરજોષમાં ચાલી રહી છે. અને આ મંદિરની સુવર્ણમય કામગીરીમાં નાના મોટા તમામ શ્રદ્ધાળુઓ સહભાગી બની શકે તે માટે ઓનલાઈન ગોલ્ડ ડોનેશન યોજના પણ મુકવામાં આવી છે ને આ યોજના હેઠર મંદિર ટ્રસ્ટને હમણાં સુધી રૂપીયા ૬.૭૧ કરોડ ઉપરાંતની માતબર રકમનું દાન મંદિરને સુવર્ણમય બનાવવા માટે આપવામાં આવ્યું છે. જેના થકી આજે ૭ કિલો સોનું મંદિરમાં આયાત કરાયું હતું. જેની પુજાવીધી કરીને મંદિરને સુવર્ણમય શિખરની કામગીરી માટે સોંપવામાં આવ્યું હતું. જોકે હાલમાં મંદિરના સુવર્ણમય શિખરની ૬૧ ફૂટની કામગીરીમાં હમણા સુધીમાં ૪૩ ફૂટની કામગીરી પૂર્ણ થઈ છે. ને ૧૮ ફૂટની કામગીરી બાકી છે. હમણા સુધી આ સુવર્ણમય શિખર માટે મંદિર માટે ૮૫ કિલો ૭૨ ગ્રામ સોનુ વપરાઈ ચુક્યું છે. ને હજી ૩૦ કિલો ઉપરાંતની જરૂરીયાત હોવાનું મનાઈ રહ્યું છે.

મોડાસામાં ચાર ચોરીના બાઈક સાથે એકની ધરપકડ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના માર્ગદર્શન હેઠળ જિલ્લા ઈન્ચાર્જ પી.આઈ. આર.જી. બારોટ (એલસીબી) અને તેમની ટીમે જિલ્લામાંથી વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. (ઈન્ચાર્જ) આર.જી. બારોટ અને તેમની ટીમે બાતમીદારોની મદદથી મેઘરજનો સુભાષખાન મકરાણી (રહે. મેઘરજ કસ્બા, મેઘરજ) બન્નેએ ભેગા મળી મેઘરજના રામનગર સોસાયટીમાંથી ચોરી કરી બાઈકચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ બન્ને પ્રો. બાઈક કિંમત રૂ. ૧૫,૦૦૦ની બસ સ્ટેન્ડ મેઘરજ આગળથી ચોરી કરી તેના સાગરીત નિતીનભાઈ ઉર્ફે બોડો ભલાભાઈ મકવાણા રહે. કાટકુવા તા. માલપુરના ઘરે સંતાડી

બાઈકચોરીની ઘટનાને અંજામ આપતા એક આરોપીને દબોચી લઈ ૪ બાઈક કબ્જે લીધી હતી. બાઈકચોરીમાં સંડોવાયેલા અન્ય ત્રણ શખ્સોને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લામાં ચોરી, લૂંટફાટ, અને તસ્કર ગેંગનો ત્રાસ તેમજ બાઈક ચોરીની ઘટનાઓમાં છેલ્લા ત્રણ મહિનામાં એકાએક બાઈકચોરોએ ચાર માસ અગાઉ મેઘરજ ઘેલી માતાના મંદિર આગળથી ચોરી કરી તેમના મિત્ર અને ચોરીના ગુન્હામાં સંડોવાયેલા માલપુર કાટકુવા ગામના ગફુરભાઈ આશુભાઈ શેખ ઘરે સંતાડીને ચોરીની બાઈક વેચવા માટે ગ્રાહક શોધવા તજવીજ હાથ ધરી હતી.

મોહંમદખાન સુભાષ ખાને અન્ય એક બાઈક હીરોહોન્ડા પેશન ગ્રાહક શોધવા ચોરીની બાઈક વેચવા તજવીજ હાથ ધરી હતી. ચારેય શખ્સો ચોરીની જ બાઈકો ગ્રાહકોને છેતરી વેચાણ આપે તે પહેલા અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે કબ્જે લઈ એક આરોપીની ધરપકડ કરી અન્ય બાઈકચોરીના ગુન્હામાં સંડોવાયેલા ૩ ઈસમોની ધરપકડ કરવા ચકો ગતિમાન કર્યા હતા.

વિખવાદનો સુત્રધાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળેલી માહિતી મુજબ ઉંમર ખાલિદ કાશ્મીરી અલગતાવાદીઓ સાથે સંબંધ ધરાવે છે. કનૈયાના ખુલાસા મુજબ ઉંમરની પાસે કાશ્મીરથી અનેક શકમંદ યુવાનો આવતા હતા. કનૈયાએ આક્ષેપ કર્યો છે કે, કાશ્મીરી યુવાનોએ ભારત વિરોધી નારા લગાવ્યા હતા. એવી બાબત પણ સપાટી ઉપર આવી છે કે, ભારતના ટુકડા કરવા અને અફઝલ ગુરુની શહીદીની તરફેણમાં નારા લગાવવામાં આવ્યા હતા. આ નારાબાજી કાશ્મીરી યુવાનોએ જ કરી હતી. સાતમી ફેબ્રુઆરીના દિવસે જેએનયુ સંકુલમાં ૧૦ કાશ્મીરી યુવાનો આવ્યા હતા. ઉંમર ખાલિદે મહિનાઓ સુધી આ પ્રકારના કાર્યક્રમો આયોજિત કરવાની યોજના બનાવી હતી. કાશ્મીરી યુવાનોની ઘુસણખોરીના બે દિવસ બાદ જેએનયુમાં મોટો વિવાદ થયો હતો. વિદ્યાર્થીઓના એક ગ્રુપે અફઝલ અને ભટ્ટની ફાંસીને ન્યાયિક હત્યા ગણાવીને દેખાવો કર્યા હતા. વિદ્યાર્થીઓએ દેશદ્રોહી નારા લગાવ્યા હતા. ઘટના બાદ પોલીસે કાર્યવાહી કરીને કનૈયા કુમારની ધરપકડ કરી હતી જે હાલ રિમાન્ડ ઉપર છે. ધીમે ધીમે આ મામલો રાજકીય બની ગયો હતો. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં વિવાદ અકબંધ છે ત્યારે કેટલીક ચોંકાવનારી બાબતો સપાટી ઉપર આવી છે. સંસદ પર હુમલાના અપરાધી અને જેને ફાંસી અપાઈ હતી તે અફઝલ ગુરુની મોતની તારીખ પહેલા બે દિવસ પૂર્વે જેએનયુ કેમ્પસમાં ૧૦ કાશ્મીરીઓ આવ્યા હતા. નવી વિગતો હજુ પણ ખુલી શકે છે. કનૈયા કુમાર સીપીઆઈ સંલગ્ન ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ ફેડરેશન સાથે જોડાયેલો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ પહેલાથી જ દાવો કરી ચુક્યા છે કે, જેએનયુ કેમ્પસમાં આયોજિત કાર્યક્રમને પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબાના લીડર હાફીઝ સઈદનો ટેકો હતો. આ મામલે હાલમાં જોરદાર રાજનીતિ ચાલી રહી છે. ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવી ગયા છે. એકબીજા ઉપર આક્ષેપબાજી કરવામાં આવી રહી છે. આવા સમયમાં હવે નવી વિગત ખુલી છે.

ચાઈલ્ડ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોટર હારવેસ્ટીંગની ટાંકીઓનુ નિર્માણ સહીતની ઉમદા કામગીરી કરવામાં આવે છે. સંસ્થાના ડાયરેકટર સાલ્વાડોર ફર્નાન્ડીસે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે બાળકોને આ દુષણોથી બચાવવા માટે સંસ્થા દ્વારા ત્રણ ટીમો બનાવવામાં આવી છે. જેમાં ચાઈલ્ડ લાઈન સર્વિસના મહીલા સભ્યોનો પણ સમાવેશ થાય છે. જેના આધારે છેલ્લા ૬ મહીનામાં ગાંધીનગર જિલ્લામાં બાળ મજુરી ,જાતિય શોષણ તેમજ ભિક્ષા વૃતિ અટકાવવા માટે ૪૦ જેટલા કેસોમાં કામગીરી કરવામાં આવી છે.જયારે આ કેસોનુ નિરાકરણ પણ લાવવામાં આવ્યુ છે. આ મામલે માહીતી આપનારની ઓળખ પણ સંસ્થા દ્વારા ગુપ્ત રાખવામાં આવે છે. સંસ્થાની પ્રવૃતિ અંગે સમાજમાં જાગૃતિ કેળવાય તે માટે સરકારી શાળાઓ,બસ સ્ટેશન,પોલીસ સ્ટેશન તેમજ રહેણાંક વિસ્તારોમાં પણ જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. આગામી દિવસોમાં આ અંગે લોકજગૃતિ કેળવાય તે માટે ટીંટોડા ખાતે રેલી તેમજ નાટકનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે.આ દરમિયાન ફાધર વિકટર તેમજ ફાધર બિશપે પણ સંસ્થાની પ્રવૃતિનો ખ્યાલ આપતા જણાંવ્યુ હતુ કે સંસ્થા થકી સાબરકાંઠા,મહેસાણા,તેમજ ગાંધીનગર સહીતના વિસ્તારોમાં વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવી રહી છે.સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લોકો માટે પણ સંસ્થા દ્વારા ઉમદા કામગીરી કરવામાં આવી રહી છે.

વાતાવરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવી રહયા છે. બીજીતરફ આજે સવારથી જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણના લીધે આકાશી નઝારો બદલાતા નગરજનોની મીટ પણ નભ તરફ મંડરાઈ હતી. જયારે આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૭ ડી ગ્રી નોંધાયુ હતુ ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૭ ડીગ્રી ગગડયો હતો. જયારે મહત્તમ તાપમાન ૨૯ ડી ગ્રી રહયુ હતુ. મૌસમના બદલાતા મિજાજ અંગે હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આગામી દિવસોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્ર- ગુજરાતના વિસ્તારોમાં વરસાદના છાંટણા પડે તેવી શક્યતા છે. જયારે મહારાષ્ટ્ર તેમજ આંધ્રપ્રદેશના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી પહોંચી જાય તેવી પણ શક્યતા વ્યકત કરવામાં આવી છે. હાલ પણ ઠંડી ગરમીની મિશ્ર ઋતુ વચ્ચે નગરજનો સુસ્તી અને બેચેની અનુભવી રહયા છે. જયારે બેવડી ઋતુના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. ત્યારે આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટાના લીધે જનજીવન વધુ પ્રભાવિત થાય તેવા સંકેતો પણ સાંપડી રહયા છે.

કાઉન્સેલીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં રેવન્યુ તલાટીની પરિક્ષામાં પણ જિલ્લામાંથી ૩૯ હજાર જેટલા ઉમેદવારો હાજરી આપવાના હોવાથી જરૂરી વ્યવસ્થા માટે આયોજન કરવા વિવિધ મુદ્દાઓ પર સુચનો કરવામાં આવ્યા હતા. જયારે બન્ને કસોટીને અનુલક્ષી પરિક્ષા કેન્દ્રો પર પંખા, પાણી તેમજ પાટલીઓની યોગ્ય વ્યવસ્થા જળવાય તે માટે પણ જરૂરી ચકાસણી કરી પુર્વ તૈયારી રાખવા સુચવાયુ હતુ. બોર્ડની કસોટીમાં જિલ્લામાંથી અંદાજીત ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપવાના હોવાથી પરિક્ષા સ્થળોએ યોગ્ય સુવિધા અને પારદર્શકતા જળવાય તે માટે સુચનાઓ આપી સ્થળોનુ નિરિક્ષણ કરવા અને ખુટતી વ્યવસ્થા ઉપલબ્ધ કરવા જણાંવાયુ હતુ. આ બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શાળાના અચાર્યોને શાળાકક્ષાએ જ વિદ્યાર્થીઓનુ કાઉન્સીલીંગ થાય તે માટે પણ સુચના આપી હતી.

હવામાન કથળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંકણ, કેરળ, ચેન્નાઈ અને આંધ્રના ભાગોમાં પણ વરસાદ થવાની વકી રહે. ફેબ્રુઆરી તા. ૨૦ સુધીમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના હવામાનમાં પલ્ટા જોવા મળે. કેટલાક ભાગોમાં ન્યૂનત્તમ તાપમાનમાં વધારો થાય અને કમૌસમી વરસાદ પડે.

તા. ૨૬ ફેબ્રુઆરીથી માર્ચની શરૂઆત સુધીમાં પણ તેજ પવન સાથે વાતાવરણ કથળે. આગામી દિવસોમાં વૈશ્વિક પર્યાવરણમાં પણ ઘણા ફેરફાર થાય. વળી આગામી એકાદ બે માસમાં સમુદ્ર વિસ્તારમાં સામુદ્રિક પ્રવાહો પર અસર થાય. જેની અસર વિશ્વના અન્ય ભૂ-ભાગ પર થાય.

ભવ્ય ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોલેજીયન્સ સ્ટુડન્ટસની સાથે મિત્રની જેમ ઉજવણીમાં ભાગીદાર બન્યા હતા. કેન્ટિન ડે ની ઉજવણી અન્વયે રૂ ૩૩૩૭૦ ની આવક થઈ હતી. આ રકમ દરવર્ષની જેમ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરિયાતમંદોની મદદ પાછળ ખર્ચ કરવામાં આવશે. કેન્ટીન ડે ની ઉજવણી અન્વયે યોજાયેલી વાનગી સ્પર્ધાના વિજેતાઓ નક્કી કરવા માટે નિર્ણાયકોએ પણ રાઉન્ડ લઈ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ ઉજવણીને સફળ બનાવવા માટે કોલેજના વિદ્યાર્થીઓની પ્રિતિનિધિ સભાના ચેરમેન ડો તારક ઠક્કર, આચાર્ય કુપી એ વાઢેર વિવેક દવે ભાવિન પટેલે માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. કોલેજના વિદ્યાર્થી અગ્રણીઓમાં અશ્વિન ઠાકોર ,વિષ્ણુ બારોટ સહીતના સ્ટુડન્ટસે જહેમત ઉઠાવી હતી.

નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

તો પછી બોલ ફરી કેમ આવી? મારું માને તો એક વાત કરું. તું ભણતા હોય વાંચતા હોય એવા કોઈ વિદ્યાર્થી પાસે, વેપાર કરતા વેપારી પાસે, પૂજા કરતા પુજારી પાસે, ખેતરમાં કામ કરતા ખેડૂત પાસે, સીમાડે પહેરો ભરતા સૈનિક પાસે તથા વાહન ચલાવતા ડ્રાઈવર કે દેશ ચલાવતા નેતા પાસે ગમે ત્યારે આવી જતી નહી. જેથી તેઓ પોતાનું કામ નિર્વિઘ્ને પાર પાડી શકે. સમજીને!

સાંભળ, હવે ધ્યાન રાખજે. આવ તો ધીમેથી આવજે. હો હા થતી હોય તો કયાંક ઠહેરી જજે. બધા જતા રહે ત્યારે આવજે. આખી રાત સાથે રહી વહેલી સવારે જતી રહેજે. સારું અલવિદા, ખોટું ન લગાડતી હોં, બોલ્યું ચાલ્યું માફ કરજે. નિંદર રાણી...

ગુલમોર

● ૪ પાનાનું ચાલુ...

પૃથ્વીલોકમાં જઈને જુઓ કે તમારી દ્વારકાધીશની છબી તમને ક્યાંય જોવા નહીં મળે. દરેક ઘર યા મંદિર, દેવસ્થળે મારી સાથેની યાને રાધા-કૃષ્ણવાળી યુગલ છબી-પ્રતિમા જ તમને જોવા મળશે. હું માનું છું કે ભક્તજનો તમારા ગીતાજ્ઞાનની વાતો અવશ્ય કરે છે, એનું મહત્વ પણ છે. પરંતુ પૃથ્વીલોકના વાસીઓ યુદ્ધની છબી ધરાવતા દ્વારકાધીશ ઉપર નહીં, પ્રેમમૂર્તિ કાન્હા ઉપર ભક્તિભાવ અને ભરોસો કરે છે. ગીતામાં મારું તો નામ પણ ક્યાંય નથી છતા જ્યારે ગીતાપાઠનું સમાપન થાય છે ત્યારે ભક્તજનો અંતે તો રાધે-રાધે જ કરતા હોય છે.''

રાધાજીની વાત સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ ઘડીભર વિચારતા થઈ ગયા. રાધાજીની વાત ખરેખર તેમને સ્પર્શી ગઈ. દરેક દૃષ્ટિકોણથી રાધાજીની વાત તર્કબદ્ધ હતી અને વિચારણાયોગ્ય હતી. ગોકુળ-વૃંદાવનથી લઈને કુરુક્ષેત્રના રણક્ષેત્ર અને છેક દ્વારકામાં અંતિમ શ્વાસ લીધા ત્યાં સુધીની જીવનીમાં પ્રેમ અને યુદ્ધ યાને પ્રેમ અને ધિક્કારની મહત્તા શું તે રાધાજીએ બતલાવી હતી.

સ્ટોપરઃ-

''પ્રેમ એટલે સમર્પણ અને સ્વીકાર, યુદ્ધ યાને તિરસ્કાર અને ધિક્કાર. પ્રેમ હંમેશા જીવનને ઊર્ધ્વગતિ કરાવે જ્યારે યુદ્ધ યા નફરત હંમેશા અધોગતિ, પતન જ નોંતરે છે.''

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પાણી પુરવઠા બોર્ડ તથા જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ વચ્ચે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન તાજેતરમાં થયું હતું. તેમાં સાબરકાંઠા જિલ્લાએ પ્રથમ બેટીંગ કરતાં ૧૬ ઓવરમાં ૧૮૬ રન બનાવ્યા હતા. જ્યારે અરવલ્લી જિલ્લાએ ૧૬ ઓવરમાં ૮૬ રન બનાવેલ. આમ સાબરકાંઠા જિલ્લાની ટીમનો ૧૦૦ રને ભવ્ય વિજય થયો હતો. આ ટૂર્નામેન્ટનું આયોજન અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ વચ્ચ સંકલન સધાય અને સમન્વય સાથે બંને જિલ્લામાં સારી કામગીરી થાય તે હેતુસર જિલ્લાના મુખ્ય અધિકારીશ્રી પી.એચ. શાહ, અધિક્ષક ઈજનેર દ્વારા આ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેચ દરમ્યાન ઝોન-૨ અમદાવાદનાં મુખ્ય ઈજનેરશ્રી, પ્રોજેક્ટ મોનીટરીંગ યુનીટ-સાબરકાંઠા કા.ઈ. શ્રી તેમજ જા.આ. બાંધકામ વિભાગ, મોડાસાના કા.ઈ.શ્રી અને તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જેમાં ગુલાબસિંહે અણનમ ૧૦૮ રન બનાવ્યા હતા અને મેને ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન

Gujarat State Non-Resident Gujaratis' Foundation

બ્લોક નં.૧૬, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨-૨૮૨૭૮, ફેક્સ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૧૨
ઈમેઈલ : nrgfoundation@yahoo.co.in
વેબસાઈટ : www.nri.gujarat.gov.in

અત્રેની કચેરીની તા. ૬/૨/૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ થયેલ જાહેર નિવિદા અન્વયે અત્રેની કચેરીની સુવિધા વ્યવસ્થાપન અંગેની સેવાઓ પુરી પાડવા અંગેના ભાવપત્રક સ્વીકારવાની તા. ૧૨/૨/૨૦૧૬ના રોજ ૪.૦૦ કલાક રાખવામાં આવેલ હતી. જેની મુદત તા. ૨૨/૨/૨૦૧૬ના રોજ ૪.૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૬/૨/૨૦૧૬

નિયામક
ગુજરાત રાજ્ય બિ.નિ.ગુ. પ્રતિષ્ઠાન
ગાંધીનગર

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515